
જે સાક્ષાત્ મહિમાતણું સ્વરૂપ ને આનંદની મૂર્તિ છે
તેજસ્વી શૂરવીર વત્સલ અતિ સ્વામીશ્રીજીધામ છે
જેણે સ્વાશ્રયી કર્મયોગે અનુપમ સ્થાપી પરમ સાધના
ભાગીદાર યોગી તણા સંતભગવંત સાહેબજીને અમૃતવંદના

**ધુળેટીના** આનંદરંગસભર ભક્તવિજયના મહાપર્વે સંતભગવંત સાહેબજીના પ્રાદુર્ભાવ થયા તે અમૃત ઘડીના અવતરણના આનંદને ઝીલવા અને વધાવવા ૨૩ માર્ચ ૨૦૧૬ના મંગલ દિને ગામ વેમારમાં હજારો ભક્તો, સાધકો અને સંતો સંમિલિત થયા.

પ્રભુ પધરાવવાનું દિવ્ય કાર્ય જેઓ દ્વારા સાકાર થયું તેવા સંતભગવંત સાહેબજીના અમૃત પ્રાગટ્ય મંગલની માહાત્મ્યદર્શન સભા 'અમૃત મહોલ'માં યોજાઈ. સૌ મહેમાનો, સંતોએ મંચ પર પોતાનું સ્થાન લઈ લીધું હતું. એકસરખાં વસ્ત્રો પરિધાન કરેલ યુવાનો સંતભગવંત સાહેબજીના રથના ચાલક રૂપે ભાવભક્તિ અર્પણ કરવાનો આનંદ માણતા હતા. જય જયકાર અને ભાવવાહી સંગીતના તાલે આ યાત્રા આગળ વધી રહી હતી. સૌનાં મન મોર બનીને ઝૂમી રહ્યાં હતાં. અનેક ભક્તોના ભાવ ઝીલતા સંતભગવંત સાહેબજી એક રીતે તો સૌના હૃદયસિંહાસને બિરાજી રહ્યા હતા. આ પળને માણવા હજારોની સંખ્યામાં મુક્તો પધાર્યા હતા. 'અમૃત મહોલ'માં ગોઠવેલી પ્રત્યેક ખુરશીઓ ભાવવિભોર ભક્તોથી શોભી રહી હતી. જેને ખુરશીઓ ન મળી તેઓ નીચે બેસી ગયા, પણ સંતભગવંત સાહેબજી અમૃત માહાત્મ્યનાં પાન કરવા સૌ ભાવાતુર હતા.

સૌના ભાવ સ્વીકારી મંચ પર શોભતા મયૂર સિંહાસન પર સંતભગવંત સાહેબજીએ બિરાજમાન થવાની કૃપા કરી. પૂ. અશ્વિનદાદાએ સૌનું શબ્દપુષ્પોથી સ્વાગત કર્યું. પ.પૂ. દેવીપ્રસાદ-મહારાજે તો મન મૂકીને માહાત્મ્યવર્ષા કરી અને સંતભગવંત સાહેબજીના દિવ્ય સ્વરૂપની ઝાંખી કરાવી. અનેક સંસ્થાઓ, નેતાઓ, મહાનુભાવોએ સંતભગવંત સાહેબજીને પુષ્પો અને વિશિષ્ટ સ્મૃતિભેટ દ્વારા શુભેચ્છાઓ અર્પણ કરી.



સંતભગવંત સાહેબજીએ અમૃત આશિષવર્ષા વરસાવી :

''એક જ કાર્ય કરવાનું છે: પ્રભુ જેમાં પ્રગટ છે તેવા સંતને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ કેળવી, તેમની આજ્ઞા અધ્ધર ઝીલી, સૌનેય માથાના મુગટ માની, કોઈનાય અભાવ-અવગુણ જોયા વગર ભગવાનના સંતો-ભક્તોની માહાત્મ્યયુક્ત સેવા કર્યા કરીએ તો ગમે તેવાં પ્રારબ્ધ હોય તે બદલાઈ જાય. અખંડ સુખ વર્તો!''



અનુપમ મિશનની આંતરર કમિટીના પ્રમુખ પૂ. સતીશભાઈ ચતવાણીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી મહિમાગાન કર્યું. પ.પૂ. નિર્મળસ્વામીજી અને પ.પૂ. ગુરુજી મુકુન્દજીવનસ્વામીજીનાં આશીર્વચનોની કૃપાવર્ષાથી સૌ અનુગ્રહિત થયા.

આ મહિમાવંત દિવ્ય પ્રસંગે વિશ્વવિખ્યાત યોગગુરુ પ.પૂ. રામદેવજીમહારાજ પધાર્યા. સાહેબજી અમૃતોત્સવના મંગલ પર્વે કૃપા કરી પધારેલા સૌ સંતોને ભક્તિભાવ અર્પણ કરવારૂપ વંદન-સન્માન કરી અનુપમ મિશનના સંતોએ ધન્યતાનો ભાવ ધર્યો. પ.પૂ. રામદેવજીમહારાજે પોતાના સંતભગવંત સાહેબજી સાથેના દિવ્ય સંબંધની વાતો વાગોળતાં આધ્યાત્મિક અને યોગજ્ઞાન આપી સૌને કૃતાર્થ કર્યા.

પ.પૂ. હરિપ્રસાદસ્વામીજીએ આશીર્વાદ વરસાવ્યા અને સૌને સંતભગવંત સાહેબજીના અનુપમ ગુણોનું દર્શન કરાવ્યું. સ્વામીજીની નાદુરસ્ત તબિયત હોવા છતાં સંતભગવંત સાહેબજી પ્રતિના પ્રેમને વશ થઈ તેઓ સવેળા પધાર્યા તેનો આનંદ આ પ્રસંગે અનુપમ મિશનના સૌ સંતોને હૈયે છલકાઈ ઊઠયો.

ભક્તિ અને ઉમંગથી ઉજ્જ્વલ નવનિર્મિત શિખરસંપન્ન મંદિરમાં બિરાજમાન શ્રી ઠાકોરજીને અન્નકૂટ અર્પણ કરી ભક્તોએ અંતરની ભાવના તેઓના શ્રીચરણોમાં સમર્પિત કરી. ભક્તિના આવા અનેક દિવ્ય અનુભવોથી ભરેલા આ મહોત્સવની સમાપ્તિ થઈ નહિ... પણ યોગીબાપાના સંકલ્પની અધ્યાત્મયાત્રા, જેની શરૂઆત સંતભગવંત સાહેબજીના સર્જન દ્વારા થઈ છે તે નવયુગના નિર્માણનાં મીઠાં સુફળ પામવાના નૂતન યુગના સુખદ સમયનો આરંભ થયો !

''સાધુ વસ્ત્રોથી નહિ પણ ચરિત્રથી બને છે, અને એવા દિવ્ય સંત એ સાહેબજી છે. યોગીબાપા આ યુગના મહાન સંત હતા કે જેમની ભાવના વિશ્વકલ્યાણની હતી. તેઓ જેવી જ ચિત્રકૃતિ અને ચરિત્રભાવના આજે સાહેબજીમાં સહજ અનુભવાય છે. સાહેબજીના વચને ઉપાસના કરો તો જીવનમુક્ત થઈ જશો...!''

★ યોગગુરુ પરમ પૂજ્ય
સ્વામીશ્રી રામદેવજીમહારાજ



અનુપમ સુખડાં દેનારી મૂર્તિ સાથે પ્રીત બંધાણી...



આવો... આવો... પધારો ! આજ અમ હૃદય આંગણ બિરાજો...



શ્રી હરિધામ, સોખડાના સંતમંડળ વતી પૂ. પ્રેમસ્વરૂપસ્વામી અને પૂ. ત્યાગવલ્લભસ્વામીનાં ભાવાર્પણ



સંતમંડળ સાંકરદા વતી પૂ. બાપુસ્વામી અને પૂ. બ્રહ્માનંદસ્વામીનાં ભાવાર્પણ



શ્રી ગુણાતીત જ્યોતનાં સંત બહેનો અને ભાઈઓનાં પ્રેમભાવ અર્પણ



અક્ષરજ્યોતિ, દિલ્હીનાં સંત બહેનો વતી આશિષભાઈ–અભિષેકભાઈ દ્વારા ભાવાર્પણ





મયૂરહાર દ્વારા ગુરુસભાના યુવાનોનાં ભાવાર્પણ



પ.પૂ. દેવીપ્રસાદમહારાજ દ્વારા સંતભગવંત સાહેબજીનાં અભિવાદન



યોગી ડિવાઈન સોસાયટીના મુક્તો દ્વારા ભાવાર્પણ



વાસુદેવભાઈ દ્વારા પ્રસાદીના શ્રીજીમહારાજનાં ચરણારવિંદ પૂ. સાહેબજીને અર્પણ



યોગગુરુ પ.પૂ. રામદેવજીમહારાજનાં અભિવાદન



ચિરસ્મરણીય મંગલ મિલન



પ.પૂ. હરિપ્રસાદસ્વામીજીનાં અભિવાદન



પ.પૂ. અક્ષરવિહારીસ્વામીજીનાં અભિવાદન



પ.પૂ. મુકુંદજીવનસ્વામી (ગુરુજી)નાં અભિવાદન



પ.પૂ. નિર્મળસ્વામીજીનાં અભિવાદન



ભક્તિરંગે રંગાયેલા વેમાર ગામના ૭૫ સત્સંગી યુવાનોનાં સર્વ ગુણાતીત સ્વરૂપોને ૭૫ ફૂટના વિશાળ પુષ્પહાર દ્વારા હૃદયવંદન !






**પૂ. દેવીપ્રસાદજીમહારાજ :** નાના બાળકથી માંડી પરિપકવ મનુષ્યના જીવમાં પ્રેમ જગાડવાની ક્ષમતા જો કોઈમાં હોય તો તે સાહેબજી છે ! માયાના પાસથી ઓલવાયેલા કેટલાય જીવોના આત્મદીપને પ્રગટાવવાનું કાર્ય સાહેબજીએ કર્યું છે. સાહેબજીનું હૃદય નિર્મળ છે.



**પૂ. અશ્વિનદાદા :** સાહેબજીને મન કદી કોઈ નાનો કે મોટો, પારકો કે પરાયો નથી. તેમણે તો સદાય સૌ પર અઢળક પ્રેમવર્ષા જ કરી છે. આજે ઉપસ્થિત સૌ પ્રગટ સ્વરૂપો આશિષમાં પ્રેમ વરસાવો તેવી મંગલ પ્રાર્થના !




**સતીશભાઈ ચતવાણી :** હે સાહેબજી ! આપના હાસ્યનાં દર્શન કરવા અમે લાખો માઇલ દૂરથી આવ્યા. આપના દિવ્ય મુખારવિંદનાં દર્શન કરતાં જ અમારો જન્મોજન્મનો થાક ઊતરી ગયો ! ગમે તે થાય પણ હે સાહેબદાદા ! આપને રાજી કરવાનો ભાવ છોડવો નથી !



**પ.પૂ. નિર્મળસ્વામીજી :** આજે સાહેબજીનો પ્રાદુર્ભાવ છે ! સાહેબજી ૧૬ વર્ષના હતા ત્યારથી સાહેબજીનાં દર્શન અમે કર્યાં છે અને આજે પણ એ સ્મૃતિ ઇદમ્ છે. ગોંડલમાં શરદ પૂનમના સમૈયામાં યુવાન સાહેબજીએ મહિમાગાન કર્યું ને તે પર રાજી થઈ યોગીબાપાએ સાહેબને સ્ટેજ પર બોલાવી હાર પહેરાવ્યો અને મને બાપાએ આજ્ઞા કરી હતી કે, 'આ જશુભાઈનો સમાગમ કરજો !' આવું માહાત્મ્ય યોગીબાપા સાહેબજીનું ગાતા.



**પ.પૂ. મુકુન્દજીવનસ્વામીજી-ગુરુજી :** સાહેબજી સમન્વયાત્મક સ્વરૂપ છે. સાહેબજી બ્રહ્મવિદ્યાના ભોમિયા છે. સાહેબજી સદાય સેવકભાવ ને દાસત્વભાવમાં જ જીવ્યા છે. એમને જો માન-સન્માન મળે તો તે શ્રીજીમહારાજના ચરણોમાં સમર્પિત કરી દે. સાહેબજીને સૌમાં યોગીબાપાનું અખંડ દર્શન છે. સૌ ભક્તો અક્ષરધામના છે તે મનાવી દેવાનું કામ સાહેબજીનું છે. આ સામર્થી તેમને યોગીબાપા અને કાકાજીના આશીર્વાદથી પ્રાપ્ત થઈ છે.



**પ.પૂ. હરિપ્રસાદસ્વામીજી :** ભગવાનના મા જેવા સાધુ એ સાહેબ છે. કપડાં સામાન્ય મનુષ્ય જેવાં જ છે પણ હૃદય સાધુનું છે. સાહેબે જે બ્રહ્મયજ્ઞ આરંભ્યો છે તે આપણા જીવમાંથી હઠ, માન, ઈર્ષ્યાના ભાવો બહાર કાઢવા માટે છે. સાહેબને કોઈ સ્વાર્થ નથી. એમની એક જ ભાવના છે કે, સૌની યાત્રા પ્રભુ તરફ ચાલતી જ રહે ! તે માટે તેમને કોટિ કોટિ ધન્યવાદ !